પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ | વર્ષ : ૨૮ | અંક : ૧૨૪ | કુલ પાના : ૪ | તારીખ : ૧૬-૦૧-૨૦૨૫ | ગુરૂવાર | કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

ગુજરાત સરકાર

વિકસિત ભારત
વિકસિત ગુજરાત



## ૨૫૦૦ વર્ષોથી અડીખમ
વારસાની ડગર,
સાતત્ય અને સંસ્કારોથી જીવંત
આપણું વડનગર

અનંત અનાદિ
વડનગર
વારસો જીવંત, વિકાસ અનંત



## શ્રી અમિતભાઈ શાહ
માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા
માન. સંસદસભ્ય, ગાંધીનગરના
વરદ્દહસ્તે



### આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમ, પ્રેરણા સંકુલ અને વડનગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું લોકાર્પણ તથા
### વડનગર ખાતે હેરિટેજ પ્રિસિન્ક્ટ ડેવલપમેન્ટ સ્કીમ, અર્બન રોડ ડેવલપમેન્ટ તેમજ બ્યુટિફિકેશનના કાર્યોનું અવલોકન

૧૬-૦૧-૨૦૨૫ | સવારે ૧૧:૦૦ વાગે | સરકારી સાયન્સ કૉલેજ, વડનગર



₹૨૯૮ કરોડના ખર્ચે આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમનું લોકાર્પણ

બહુસ્તરીય સાંસ્કૃતિક ઇતિહાસ તથા ઉત્ખનન કરવામાં આવેલ પુરાતત્વીય અવશેષોની રજૂઆત તેમજ ૨૫૦૦ વર્ષોથી અડીખમ આ નગરમાં માનવ વસવાટના અવિરત સાતત્યનું નિદર્શન.

₹૭૨ કરોડના ખર્ચે પ્રેરણા સંકુલનું લોકાર્પણ.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે શાળામાંથી શિક્ષણ પ્રાપ્ત કર્યું, તે સ્થળ તથા કેટલાંય બાળકોના ઉજ્જવળ ભવિષ્યના સાક્ષી એવા પ્રેરણા સંકુલના ઇતિહાસને પ્રજા સમક્ષ ખુલ્લું મૂકવામાં આવશે.






₹33.50 કરોડના ખર્ચે વડનગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું લોકાર્પણ

ગુજરાત તથા ભારતની યુવા પેઢીને ઓલિમ્પિક કક્ષાની રમતગમતની તાલીમ માટે તે અર્થે ઉચ્ચતર સ્પોર્ટ્સ સંકુલનું ઉદ્ઘાટન

**વિશેષ ઉપસ્થિતિ**

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી ધર્મેન્દ્ર પ્રધાન**
માનનીય કેન્દ્રીય શિક્ષણ મંત્રી

**અતિથિ વિશેષ**

**શ્રી ઋષિકેશ પટેલ**
માનનીય મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત

**શ્રી મુળુભાઈ બેરા**
માનનીય મંત્રી, પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ વિભાગ, ગુજરાત

**શ્રી હર્ષ સંઘવી**
માનનીય મંત્રી (રા.ક.), ગૃહ, રમતગમત અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, ગુજરાત

**શ્રી જગદીશ વિશ્વકર્મા**
માનનીય મંત્રી (રા.ક.), સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખનસામગ્રી, પ્રોટોકોલ (તમામ સ્વતંત્ર હવાલો), લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન વિભાગ (રા.ક.), ગુજરાત

**શ્રી મયંકભાઈ નાયક**
માનનીય સંસદસભ્ય (રાજ્યસભા)

**શ્રી હરિભાઈ પટેલ**
માનનીય સંસદસભ્ય (લોકસભા), મહેસાણા

**શ્રી કિરીટભાઈ પટેલ**
માનનીય ધારાસભ્ય, ઊંઝા

કાર્યક્રમનું જીવંત પ્રસારણ : CMOGujarat | CMOGujarat | CMOGujarat | CMOGujarat

# બાકોર ગામમાં ઉત્તરાયણ પર સાઈબર ક્રાઈબ થી બચવા અંગેની માહિતી આપવામાં આવી



ખાનપુર,
ભારતીય રિઝર્વ બેન્ક , નાબાર્ડ અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા અને આરોહ ફાઉન્ડેશન સંયુક્ત ઉપક્રમે પ્રોજેક્ટ ચાલી રહ્યો છે જેનો મુખ્ય ઉદેશ્ય લોકો સક્રિય રીતે બચત કરતા થાય,બેકમાં ચાલતી વિવિધ યોજનાઓની માહિતી છેવાડાના માણસ સુધી પોહચે ,સાઈબર ક્રાઈમથી બચે,અને લોકો ડીજટલ ટેકનોલોજીનો ઉપયોગ કરતા થાય તે રહેલો છે ત્યારે ખાનપુર તાલુકામાં એ.એફ.સી તરીકે કામ કરતા હસમુખ બામણીયા દ્વારા ઉતરાયણ પર યુવાનોને સાઈબર ક્રાઈમ વિશે માહિતિ આપવામાં આવી હતી અને સાઈબર ક્રાઈમથી બચવા માટે કેટલી બાબતોનું સાવચેતી રાખવી જોઈએ તે અંગે ના મેસેજ લોકો સુધી પોહચે તે માટે પતંગો પર મેસેજ લખવામાં આવેલ જેમાં જણાવેલ હતું કે પ્રવર્તમાન સમય ટેકનોલોજીનો છે ત્યારે ચોરો પણ હવે ટેકનીકલ રીતનો ઉપયોગ કરે છે એને એમાં ઘણા યુવાનો ભોગ બને છે ઠગાબાજો દ્વારા સોશ્યલ મીડિયા નો વધુ ઉપયોગ કરવામાં આવે છે આનાથી સાવધાન રેહવા માટે પોતાની વ્યકતિ ગત માહિતિ પર્સનલેટા,આધારકાર્ડ,પાનકાર્ડ,એલ.સી,બેન્ક પાસબુક જેવા ડોક્યુમેન્ટ,ફેસબુક,વોટસઅપ, ઈન્સ્ટાગ્રામ ,પર નાં મૂકો ઓનલાઇન ખરીદી હમેશા ઈ-કોર્મસ અને ભરોસાપાત્ર વેબસાઈટ પરથી જ કરો,જાહેર જગ્યા પર ફ્રી વાઈ-ફાઈનો ઉપયોગ પૈસા ની આપ લે કરતી વખતે ના કરો,પાસવર્ડ રેન્ડમ અને મજબુત રાખો,અજાણ્યા વ્યકિત કે નબર પરથી ફોન આવે અને ઓ.ટી.પી માંગવામાં આવે તો ના આપો વગેરે બાબતો લોકો સુધી પોહચે અને લોકો સાઈબર ક્રાઈમથી બચે તે હેતુથી આ આયોજન કરવામાં આવેલ હતું.જેમાં લીડ ડિસ્ટ્રીક મેનેજર બારોટ સાહેબનું માર્ગદર્શન મળી રહ્યુ હતુ

# બાલાસિનોર એસટી ડેપોમાં ૧૦ દિવસથી પાણીની સમસ્યા ઊભી થતાં મુસાફરો પરેશાન

બાલાસિનોર ,
બાલાસિનોર એસટી ડેપોમાં દસ દિવસથી મોટર બગડી જવાથી કારણે પાણીની સમસ્યા ઊભી થઈ છે. પરિણામે એસટી ડેપો આવતા મુસાફરોને તકલીફ વેઠવી પડતી હોય ઝડપથી મોટર રીપેર કરાવી પાણી શરૂ કરવામાં આવી તેવી રજૂઆતો ઊભી થઈ છે.

બાલાસિનોર એસટી ડેપો દરરોજ મોટી સંખ્યામાં મુસાફરોની અવરજવર રહે છે પરંતુ એસટી ડેપોમાં દસ દિવસથી પાણીની તકલીફ ઊભી થતો મુસાફરો ને મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. એસટી ડેપોમાં મોટર બગડી જતાં પીવાનું પાણી આવતું નથી અને મુસાફરોને રૂપિયા ખર્ચીને પાણી પીવું પડે છે. મોટર બગાડવાને કારણે શૌચાલયમાં પણ પાણી આવતું ન હોવાથી મુસાફરોને સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. પાણીની સમસ્યા મામલે બાલાસિનોર એસટી ડેપોના મેનેજર ને પૂછતા જણાવ્યું હતું કે ઉચ્ચ અધિકારીઓને જાણ કરી દેવામાં આવી છે અને થોડા જ સમયમાં આ સમસ્યાનું સમાધાન થઈ જશે.

# ગોધરા તાલુકાના ગઢચુંદડી ગામે ઈકો ગાડીએ બાઈકને ટકકર મારતા બાઈક સવાર ત્રણ ઈજાગ્રસ્તો પૈકી મહિલાનુ મોત

ગોધરા,
ગોધરા તાલુકાના ગઢ ચુંદી ગામે દાહોદ હાઈવે રોડ ઉપર ઈકો ગાડીના ચાલકે પોતાનુ વાહન પુરઝડપે ગફલતભરી રીતે હંકારી લાવ્યો હતો. બાઈકને પાછળથી ટકકર મારતા બાઈક પાછળ બેઠેલ રોડ ઉપર પટકાઈ જતાં ત્રણને ગંભીર ઈજાઓ થવા પામી હતી. તે પૈકી મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મોત નીપજવા પામ્યુ હતુ. અકસ્માત સર્જાર ઈકોનો ચાલક વાહન સ્થળ ઉપર મુકી નાસી ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના ગઢચુંદડી ગામે દાહોદ હાઈવે રોડ ઉપરથી પસાર ઈકો ગાડી નં.જીજે-૨૭-ડીએચ-૧૧૧૩ના ચાલકે પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવી અને આગળ ચાલતી મોટરસાયકલ નં.જીજે-૧૭-બીએમ-૩૦૨૨ના ચાલક અલ્પેશકુમાર ધુળાભાઈ બામણીયાની બાઈકને પાછળથી અકસ્માત સર્જયો હતો. જેમાં બાઈકની પાછળ બેઠેલ વ્યકિત રોડ ઉપર ફંગોળાઈ ગયા હતા. જેને લઈ રાજનબેનને માથાના ભાગે તથા મોઢા ઉપર અને બંને પગે ઈજાઓ પહોંચી હતી. શિવાનીને પગના ભાગે માથાના ભાગે તેમજ મોઢાના ભાગે ઈજાઓ થવા પામી હતી. તેમજ પ્રેમીલાબેનને માથાના ભાગે તેમજ મોઢા ઉપર તેમજ છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મોત નીપજયું હતુ. અકસ્માત સર્જનાર ઈકો ગાડીનો ચાલક સ્થળ ઉપર પોતાના કબ્જાનુ વાહન છોડી નાસી ગયો હતો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત ગોધરા ખાતે તા.૧૭ થી ૧૯ જાન્યુઆરી દરમિયાન ભાઈઓ અને બહેનોની ફુટબોલ રમત સ્પર્ધા યોજાશે

ગોધરા,
રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ, ગાંધીનગર તથા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત અને પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર તેમજ જિલ્લા રમત વિકાસ અધિકારી/રમત ગમત અધિકારી,ગોધરાના સંયુક્ત ઉપક્રમે ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત યોજાનાર જિલ્લાકક્ષાની ફૂટબોલ રમતની સ્પર્ધાની તારીખમાં સુધારો કરવામાં આવતાં હવે જિલ્લાકક્ષાની ફૂટબોલ રમતની સ્પર્ધા તા. ૧૭ થી ૧૯ જાન્યુઆરી દરમિયાન (૩ દિવસ) યોજાશે. જેમાં તા.૧૭/૦૧/૨૦૨૫ના રોજ ઓપન એજગ્રુપ(વયજૂથ) ભાઈઓ માટે, તા.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ અં-૧૪ તથા અં-૧૭ વયજૂથના ભાઈઓ માટે તથા તા.૧૯/૦૧/૨૦૨૫ ના રોજ તમામ એજગ્રુપ(વયજૂથ) ની બહેનો માટે ફૂટબોલ રમત સ્પર્ધા ગોધરા ખાતે આવેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, કનેલાવ ખાતે યોજાશે તેમ જિલ્લાકક્ષા ફૂટબોલ કન્વીનર દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

# દાહોદ જિલ્લામાં એલ.સી.બી.દ્વારા બે લાખ ઉપરાંતનો દારૂ ઝડપી પાડ્યો

દાહોદ
દાહોદ જિલ્લામાં બે અલગ અલગ સ્થળોએથી દાહોદ એલસીબી પોલીસે રૂપિયા ૨૦૩,૦૨૫/-ના પ્રોહિ જથ્થા સાથે એક ફોરવીલર ગાડી કબજે કર્યાનું જયારે બે મહિલાઓની અટકાયત કરી હોવાનું તેમજ એક બનાવમાં એક ઈસમ પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યા હોવાનું જાણવા મળે છે.

પ્રોહિનો પ્રથમ બનાવ લીમખેડા બાંડીબાર ગામે બનવા પામ્યો હતો જેમાં ગતરોજદાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે લીમખેડાના બાંડીબાર ગામે પ્રાથમિક શાળા પાસે આવતા સામે પાણીયા ગામ તરફથી જતા રસ્તા પર નાકાબંધી કરી આવતા જતા તમામ નાના-મોટા વાહનોની પોલીસ તલાસી હાથ ધરી રહી હતી તે સમયે બાદમીમાં દર્શાવેલ એક ફોરવીલર ગાડી ત્યાંથી પસાર થઈ હતી ત્યારે દૂરથી પોલીસને જોઈ ફોરવીલર ગાડી ના ચાલેકે પોતાના કબજાની ફોરવીલર ગાડી સ્થળ પર મૂકી નાસી ગયો હતો. પોલીસે ફોરવીલર ગાડી ની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ તથા બિયરની પેટીઓ નંગ. ૨૫ જેમાં બોટલો નંગ. ૯૬૦ ની કિ.રૂ.૧,૪૫,૨૦૦/- નો પ્રોહી મુદામાલ સાથે ફોરવીલર ગાડીની કિંમત મળી પોલીસે કુલ કિ.રૂ.૬,૪૫,૨૦૦/-નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે દાહોદ એલસીબી પોલીસે પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પ્રોહિનો બીજો બનાવ દાહોદના વરમખેડા ગામે રામડુંગરા પાસે રોડ ઉપર ઉપર બનવા પામ્યો હતો જેમાં ગતરોજ પોલીસ પેટ્રોલિંગમાં નીકળી હતી તે સમયે બે મહિલાઓ અભુબેન શંકરભાઈ જવલાભાઈ ડામોર (રહે. માતવા ડામોર ફળીયું, તા.ગરબાડા, જી.દાહોદ) અને રેતુબેન મનિષભાઈ રૂમાલભાઈ મિનામા (રહે.રળિયાતી સાંગા, ફળીયું, તા.જી.દાહોદ) નાની પાસે બંને થેલાઓમાં વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ. ૪૩૧ની કુલ કિ.રૂ.૫૭૮૨૫/-નો પ્રોહી મુદામાલ સાથે ઉપરોક્ત બંને મહિલાઓની દાહોદ એલસીબી પોલીસે અટકાયત કરી તેઓની વિરુદ્ધ પ્રોહીબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉત્તરાયણ પર ઊંધિયું, ફાફડા-જલેબી, ચિક્કીની ખરીદી કરવા માટે લાંબી કતારો જોવા મળી

અમદાવાદ
ગુજરાતમાં ઉતરાયણની ઉજવણી ધામધૂમથી થઈ રહી છે. ઉત્તરાયણ હોય અને ગુજરાતમાં ઊંધિયું ન હોય તે કેવી રીતે ચાલે, ઉત્તરાયણ પર વહેલી સવારથી જ બજારોમાં ઊંધિયું, ફાફડા - જલેબી, ચિક્કીની ખરીદી કરવા માટે લાંબી કતારો જોવા મળી હતી

ઊંધિયાના ભાવમાં ધરખમ વધારો થયો હોવા છતા લોકોએ ઊંધિયાની મજા માણવા માટે સવારે ૬ વાગ્યાથી લોકો લાઈનમાં ઉભા રહ્યાં હતાં.અમદાવાદીઓ ફકત એક જ દિવસે લાખો રૂપિયાનું ઊંધિયું ખાય ગયા હતાં સવારથી જ ઉંધીયાના સ્ટોલ અને દુકાનોમાં ઊંધિયું ખરીદવા લોકોની લાંબી લાઈન લાગી હતી.

વડોદરામાં વહેલી સવારથી જ ઊંધિયું ખરીદવા માટે લોકો ઉમટ્યા હતા. ઊંધિયા-જલેબીના સ્ટોલ પર રીતસરની લોકોની લાઈનો લાગી હતી. ઉત્તરાયણના દિવસે મસાલેદાર ઊંધિયું અને જલેબી ખાવાની વર્ષો જૂની પરંપરા, વડોદરાવાસીઓ અકબંધ રાખી છે.

તો રાજકોટમાં પણ ઉત્તરાયણના પર્વની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી છે. ત્યારે આજે વહેલી સવારથી લોકોએ ઊંધિયુ જલેબીની જયાફત માણી છે. સવારથી ઊંધીયું સાથે જલેબી અને ખીચડાની ખરીદી માટે લોકોની ભીડ જોવા મળી રહી છે. ગત વર્ષ કરતા ૪ થી ૫ ટકાનો ભાવમાં વધારો જોવા મળ્યો છે.


હાર્દિક શ્રદ્ધાંજલિ



સજ્જનતા તારી સુવાસ હતી, પરોપકાર તારૂ જીવન હતું, સખાભાવ તે તારા જીવનનું ભોળપણ હતુ અતિ પરોપકારી અને માયાળુ એવા કર્મનિષ્ઠ પુણ્ય આત્માને કોટી કોટી વંદન તારી યાદ અવિરત આવશે સ્મરણો આંખોમાં આંસુ લાવશે. લાગણી જ આંસુ બની રહેશે. તારો સ્નેહ યતા તારુ ભોળપણ અમહ્દયમાં જીવંત રહેશે. મરણ કરતાંય સ્મરણ બળવાન છે. તારા દિવ્ય અને પવિત્ર આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે જ પ્રાર્થના.

સ્વ. જીગર
જન્મ તા. 23-05-2000
સ્વ.તા. 13-01-2025

લિ.
દેવીલાલ કલાલ (દાદા) ઉષાબેન (માતા)
બિપીનચંદ્ર કલાલ (પિતા) દિપક કલાલ (કાકા)
ચિરાગ કલાલ (ભાઈ) અલ્પેશ કલાલ (કાકા)


# મહીસાગર જિલ્લાનું ગૌરવ હર્ષિકાબેન ડામોર : પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫ના ગ્રુપ ડિસ્કશન સેશનમાં મુરલીધર વિદ્યાલય નર્સિંગપુરની વિદ્યાર્થી હર્ષિકાબેન ડામોરનું સિલેકશન




મહીસાગર,
વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા બોર્ડની પરીક્ષા સંદર્ભે અનોખી પહેલ સમાન ઈન્ટરેકટીવ કાર્યક્રમ 'પરીક્ષા પે ચર્ચા'નું પ્રતિવર્ષ આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમના સ્ટુડિયો ગ્રુપ ડિસ્કશન સેશનમાં ભાગ લેવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના મુરલીધર વિદ્યાલયના ડામોર હર્ષિકાબેન નયનભાઈની પસંદગી થઈ છે. જેઓ હાલ ધોરણ -૧૦ માં અભ્યાસ કરે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તા ૧૨ જાન્યુઆરી થી ૧૮ જાન્યુઆરી દરમ્યાન કુલ સાત સેશનમાં દેશભરમાંથી પસંદ થયેલ વિદ્યાર્થીઓ વિવિધ થીમ-મુદ્દાઓ પર સ્ટુડિયો ડિસ્કશનમાં ભાગ લેનાર છે. મહીસાગર જિલ્લાની વિદ્યાર્થીની ડામોર હર્ષિકાબેન નયનભાઈએ દિલ્હી ખાતે ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પહેલા જ ગ્રુપ ડિસ્કશનમાં સફળ થશે તો વિદ્યાર્થીની પરીક્ષા પે ચર્ચાના અંતિમ કાર્યક્રમમાં ભાગ લઈને રાજ્યનું નામ રોશન કરશે. મહીસાગર જિલ્લા શિક્ષણાધિકારી નૈલેશકુમાર .ડી.મુનિયાએ દીકરીની આ સિદ્ધિ બદલ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, મહીસાગર શાળાની વિદ્યાર્થીનીની આ અનેરી સિદ્ધિ રાજ્ય અને શિક્ષણ વિભાગ માટે ગૌરવપૂર્ણ બાબત છે. આ સિદ્ધિ આવનારા સમયમાં અન્ય વિદ્યાર્થીઓને પણ રાષ્ટ્ર સ્તરે પોતાની શાળાનું અને રાજ્યનું નામ રોશન કરવા પ્રોત્સાહિત કરશે.

# માર્ગ સલામતી માસ અંતર્ગત લુણાવાડા બસ સ્ટેન્ડ ખાતે શેરી નાટક ભજવી લોકોમાં ગમ્મત સાથે ટ્રાફિકના નિયમો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું



મહીસાગર,
દેશમાં દિવસે ને દિવસે રોડ અકસ્માતની ઘટના વધી રહી છે. અકસ્માતના કારણે દર વર્ષે હજારો લોકો જીવ પણ ગુમાવે છે. ત્યારે મહીસાગરની એ.આર.ટી.ઓ. શાખા દ્વારા રોડ સેફ્ટી માસ અંતર્ગત ટ્રાફિક નિયમોનું મહત્વ લોકો સુધી પહોંચાડી તેમને જાગૃત કરવાનો પ્રયાસ કરી રહી છે. જેથી ભવિષ્યમાં અકસ્માતની ઘટનાઓને અટકાવી શકાય અને લોકોનો જીવ બચી શકે.માર્ગ સલામતી માસ અંતર્ગત આજરોજ એઆરટીઓ લુણાવાડા દ્વારા એસટી ડેપો લુણાવાડા ખાતે શેરી નાટક ભજવી લોકોમાં ગમ્મત સાથે ટ્રાફિક ના નિયમો અંગે માર્ગદર્શન આપી લોકોને ટ્રાફિકના નિયમો બાબતે ઉંડાણપૂર્વક સમજ આપી હતી. હેલમેટ અને સીટ બેલ્ટની ઉપયોગીતાની સમજ આપવામાં આવી હતી.

# બાલાશિનોર તાલુકાની વિરાજી શાળામાં ૪૦ યુનિફોર્મ વિતરણ કરવામાં આવ્યા.



વિરપુર,
ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના તેમજ શિક્ષક ગણ ના સંયુક્ત સહકારથી યુનિફોર્મ વિતરણ કરવામાં આવ્યા એમ સ્કેવર એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી દ્વારા વીરાજીના મુવાડા પ્રા શાળા માં બાળકોને યુનિફોર્મ વિતરણ કરવામા આવ્યા.બાલાસિનોર તાલુકાની વિરાજી શાળામાં સમસ્ત ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના યુવા ટીમ દ્વારા ૪૦ જેટલાં નાના ભૂલકાઓને યુનિફોર્મ વિતરણ કરાયા,જેમાં એમ.સ્કેવેર ટ્રસ્ટી તેમજ એન્જીનીયર મનોજભાઈ ઠાકોર GKTજ જિલ્લા ઉપપ્રમુખ કનકસિંહ,સોલંકી,વાઈસ ચેરમેન ઝાલા જીગ્નેશભાઈ,સેક્રેટરી મણિલાલ ઝાલા, રવિન્દ્રકુમાર, અલ્પેશકુમાર, રોહિતકુમાર,અનીલકુમાર, તેમજ શિક્ષણવિદ્ હર્ષદસિંહ ચૌહાણે શિક્ષણ વિશે બાળકોને માર્ગદર્શન આપ્યું,જેમાં મુખ્ય મહેમાન સ્થાનિક ગામના પ્રથમ નાગરિક સરપંચ,તલાટી કમ મંત્રી, એસ એમ સી.સમિતિના સભ્યો.તેમજ GKTS ની ટીમ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.અનેસમાજના હિતેચ્છુઓબાળકોના આવનાર ભવિષ્યની ચિંતા કરી જરુરિયાત મંદ બાળકોને જીવન ઘડતર માટેની ઉજ્જવળ તક ને કેન્દ્ર બિંદુ રાખી સામાજિકઅનેશૈક્ષણિકક્ષેત્રેવધુપ્રસિદ્ધિ પ્રાપ્ત કરે તેવાં આશ્રયથી ઉમદા કાર્ય ની પહેલ કરતા સમાજ સેવકોને સ્થાનિક અગ્રણીઓએ બિરદાવ્યા હતા.

# ઘોઘંબાના રીંછવાણી ગામે ઈકો ગાડી ઝાડ સાથે અથડાતા ચાલકનુ ગંભીર ઈજાઓ થતાં મોત

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના રીંછવાણી ગામે રોડ ઉપર ઈક ગાડીના ચાલકે પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવી ગાડીને સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા રોડ સાઈડે ઝાડ સાથે ધડાકાભેર અથડાતા ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મોત નીપજયું હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર ઘોઘંબા તાલુકાના રીંછવાણી ગામે રોડ ઉપરથી પસાર થતી ઈકો ગાડી નં.જીજે-૨૦-એએચ-૫૬૨૧ના ચાલકે પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવી ને ઈકો ગાડીના સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ગાડીના ચાલક શનાભાઈ શ્યામભાઈ પટેલ(રહે.કાળીડુંગરી, વેડ ફળિયુ, દે.બારીઆ)રોડ સાઈડમાં ટીમરવાના ઝાડા સાથે ધડાકાભેર અથડાતા જેને લઈ ચાલક શનાભાઈ પટેલને માથાના ભાગે, છાતીના ભાગે તેમજ પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મોત નીપજયું હતુ. આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# ગોધરા-વડોદરા રોડ ઉપર ગ્રીન પાર્ટી પ્લોટની બાજુમાં જુગાર રમતા ૬ જુગારીયાઓને પોલીસે ઝડપ્યા

ગોધરા,
ગોધરા શહેરના વડોદરા હાઈવે રોડ ઉપર આવેલ ગ્રીન પાર્ટી પ્લોટની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પાના-પત્તાનો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૬ જુગારીયાઓને ૩૫,૭૯૦/- રૂપિયાના મુદ્દામાલ સાથે છ જુગારીયાઓને ઝડપી લેવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા શહેરના વડોદરા હાઈવે રોડ ઉપર આવેલ ગ્રીન પાર્ટી પ્લોટની બાજુમાં પતરાની આડસ બનાવી ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી અબ્બાસ ઈમરાન કુવાઝરવાલા, મોઈઝ ફકરૂદ્દીન જલાલાવાલા, શબ્બીર ફકરૂદ્દીન જલાલાવાલા, વિષ્ણુભાઈ બદીલાલ શાહ, ઈમરાન સિદ્દીક મામજી, અલી કાયમભાઈ બોડેલીવાલાને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ જુગારીયાઓની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ કુલ રૂ.૩૫,૭૯૦/-ના મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. આ બાબતે ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# ગોધરામાં નિયમ વિરુદ્ધ બનેલા ૨૮૬૬ પ્રોપર્ટીકાર્ડ તબકકાવાર રદ્દ કરાશે

ગોધરા,
ગોધરા સિટી સર્વે કચેરીમાં નિયમો વિરુદ્ધ ઈશ્યુ કરેલા ૨૮૬૬ પ્રોપર્ટીકાર્ડને રદ્દ કરવાનો નિર્ણય વડી કચેરી ખાતે લેવાના ગોધરા કચેરીના ઈન્ચાર્જ એસએલઆર તબકકાવાર પ્રોપર્ટીકાર્ડ રદ્દ કરશે. ત્યારે ભ્રષ્ટાચાર આચરીને બનાવેલા પ્રોપર્ટીકાર્ડ રદ્દ કરવાની કાર્યવાહીને લઈને પંચમહાલ જિલ્લામાં ચર્ચાનો વિષય બન્યો છે.

ગોધરા સિટી સર્વે કચેરીમાં પ્રોપર્ટીકાર્ડ નિયમ વિરુદ્ધ ઈશ્યુ કરીને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હતો. આ બાબતે રજુઆત બાદ ગાંધીનગર ટીમે ગોધરા સિટી સર્વે કચેરી ખાતે તપાસ કરવા પહોંચી હતી. અને તપાસ ટીમ તમામ પ્રોપર્ટીકાર્ડના દસ્તાવેજો ગાંધીનગર લઈ ગઈ હતી. અને દસ્તાવેજોની તપાસ કરતા કચેરીના તત્કાલિન સિટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ ડી.ડી.પટેલ દ્વારા નિયમ વિરુદ્ધ ૨૮૬૬ પ્રોપર્ટીકાર્ડ બનવવા હોવાનુ તપાસમાં બહાર આવતા તાત્કાલિક તત્કાલિન સિટી સર્વે સુપ્રિટેન્ડેન્ટને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ત્યારે ૨૮૬૬ પ્રોપર્ટીકાર્ડને રદ્દ કરવા કે ચાલુ રાખવા તેની કોઈ સુચનાઓ આપવામાં આવી ન હતી. જેથી ગાંધીનગર વડી કચેરીએ લેખિતમાં રજુઆત કરાઈ હતી. આખરે વડી કચેરી દ્વારા નિયમ વિરુદ્ધ ઈશ્યુ થયેલ ૨૮૬૬ પ્રોપર્ટીકાર્ડ એક સાથે રદ્દ કરવાને બદલે તબકકાવાર પ્રોપર્ટીકાર્ડ રદ્દ કરવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવશે. તેમજ આ નિયમો વિરુદ્ધ પ્રોપર્ટીકાર્ડની મિલ્કતનો વ્યવહાર થઈ શકશે નહિ જયારે રદ્દ થયેલ પ્રોપર્ટીકાર્ડ ધારક અરજી કરીને નિયમ મુજબ પ્રોપર્ટીકાર્ડ બનાવી શકશે.

# આપની આજ.......

મેષઃ આજે પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે. ક્ષેત્રે કર્મચારીઓ તરફથી પૂરતો આદર અને સહયોગ પણ મળશે.

વૃષભઃ આજે તમારે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. ઓફિસ હોય કે ઘર આજે તમને દરેક જગ્યાએ તમારા જીવનસાથીનો સહયોગ મળશે.

મિથુનઃ આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

કર્કઃ આજે સંતોષ અને શાંતિનો દિવસ છે. આજે જ્યાં રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નો સફળ થશે ત્યાં શાસન અને સત્તા સાથે જોડાણના ફાયદા પણ મળી શકે છે. નવી ડીલ દ્વારા પદ અને પ્રતિષ્ઠામાં વધારો થવાની સંભાવના છે.

સિંહઃ આજે તમારા સ્વાસ્થ્ય અને આનંદમાં અડચણ આવી શકે છે. દિવસના બીજા ભાગમાં કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક સફર પર જવું પડી શકે છે. આજે કોઈની સાથે વિવાદ થઈ શકે છે, સંયમથી કામ કરો.

કન્યાઃ આજે કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ જવા અથવા ચોરી થવાનો ભય રહેશે. બાળકોના શિક્ષણની સફળતા અથવા કોઈપણ સ્પર્ધામાં ઈચ્છિત સફળતાના સમાચારથી મન પ્રસન્ન રહેશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થઈ શકે છે.

તુલાઃ આજે તમે સંતાન સંબંધિત બાબતોથી ચિંતિત રહી શકો છો. જે લોકોના પારિવારિક જીવનમાં તણાવ ચાલી રહ્યો છે તેમાં આજે ઘટાડો થશે, સંબંધો વધુ સારા બનશે.

વૃશ્ચિકઃઆજીવિકાના ક્ષેત્રમાં આજે પ્રગતિ થઈ શકે છે. આ સિવાય આજે પ્રતિષ્ઠામાં વધારો થવાના સંકેત છે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે. પરંતુ, તમારા સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખો.

ધનઃ આજે આવકના નવા સ્ત્રોત મળશે. નમ્ર વાણીથી આદર મળશે. શિક્ષણ- સ્પર્ધામાં વિશેષ સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આજે આખો દિવસ કાર્યસ્થળમાં વ્યસ્ત રહેશો. વિરોધીઓ તમને ફરીથી અને પરેશાન કરવાનો પ્રયાસ કરશે પરંતુ તે જાતે જ પરાજિત થશે. આંખની સમસ્યાથી સાવધાન રહેવું.

મકરઃ આજે તમે કેટલીક આંતરિક સમસ્યાઓથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં તમારા માટે તે સારું રહેશે કે તમે વિલંબ કર્યા વિના ડોક્ટરને મળો. તમારા માતા-પિતા સાથે તમારો સમય સારો રહેશે.

કુંભઃ આજે રોજગાર-ધંધાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

મીનઃ આજે તમારી આજુબાજુ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે. હાથમાં પૂરતા પ્રમાણમાં પૈસા હોવાનો આનંદ મળશે. વિરોધીઓ પરાજિત થશે.

# કરૂણા અભિયાન અંતર્ગત ઝાલોદ વન વિભાગ દ્વારા કબૂતરનું રેસ્કયુ કરાયું



દાહોદ,
દાહોદ જિલ્લામાં સરકાર દ્વારા પક્ષીઓને બચાવ માટે કરૂણા અભિયાન ચલાવવામાં આવ્યું છે.જેમાં જિલ્લા આખાનું વહીવટી તંત્ર કામે લાગ્યું હતું.ઉતરાયણના દિવસે ઝાલોદ વન વિભાગ રેન્જમાં આર.એફ.ઓ ભાવેશ સિંઘવને જવાબદારી સોંપવામાં આવી હતી.જેમાં હેલ્પલાઈન નંબર ઉપર કોલ મળતા કરૂણા અભિયાન હેઠળ કામગીરી કરવામાં આવી હતી.તેમાં એક કબૂતર પતંગના દોરાથી ઘાયલ થયું હતું.જેનું વન વિભાગની ટીમએ પશુ ડોક્ટરની ટીમનો સંપર્ક કરીને સારવાર કરી હતી. ઘાયલ કબૂતરને ઝાલોદ વન વિભાગના આરએફઓ ભાવેશ સિંઘવના નેજા હેઠળ નાકાગાર્ડ રેણુકાબેન માલિવાડ દ્વારા બુધવારના રોજ ખાસ વન વિભાગ કચેરી ખાતે ફરજ દરમિયાન કરૂણા અભિયાન અંતર્ગત કામગીરી હાથ ધરીને બચાવવામાં આવ્યું હતું. છે.ટિમ દ્વારા પક્ષીને બચાવવા માટે વન વિભાગ ખડેપગે જોવા મળી હતી.

# ઝાલોદ-ધાવડિયા ચેકપોસ્ટ પર વાહન ચેકિંગમાં બીએસએફના જવાન સાથે બોલાચાલી થતાં પોલીસ ફરિયાદ નોંધાઈ

દાહોદ,
ઝાલોદની ધાવડિયા ચેકપોસ્ટ ઉપર વાહન ચેકિંગ દરમિયાન ગાળો બોલવાના મામલે ફરજ પરના પોલીસ કર્મીઓ તેમજ બીએસએફ જવાન વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મામલો મારામારી સુધી પહોંચી જતા બંને પક્ષ દ્વારા ઝાલોદ પોલીસ સ્ટેશનમાં સામસામે ફરિયાદ નોંધાવાયાનું પોલીસ વર્તુળો દ્વારા સત્તાવાર જાણવા મળ્યું છે.ઝાલોદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ શૈલેષભાઈ લલ્લુભાઈ, પોલીસ કોન્સ્ટેબલ કુંવરસિંહ શ્રવણસિંહ, પોલીસ કોન્સ્ટેબલ ભરતભાઈ માસાજી વગેરે ગઈકાલે બપોરના પોણા બાર વાગ્યાના સુમારે ધાવડિયા ચેકપોસ્ટ ઉપર પોતાની ફરજ પર હાજર રહી વાહન ચેકિંગની કામગીરી કરી રહ્યા હતા. તે દરમિયાન ઝાલોદ તાલુકાના બંબેલા ગામના મછાર ફળિયામાં રહેતા અને બીએસએફમાં ગાંધીનગરના ચિલોડા ખાતે ડિફેન્સમાં નોકરી કરતા વિજયભાઈ લુંજાભાઈ ચરપોટ પોતાની મોટરસાયકલ પર પાછળ અન્ય એક તમને બેસાડી પોતાના ઘરેથી એટલે કે રાજસ્થાન બાજુથી ઝાલોદ તરફ આવી રહ્યા હતા તે દરમિયાન ચેક પોસ્ટ પર ફરજ પર હાજર પોલીસ કોન્સ્ટેબલ શૈલેષભાઈ લલ્લુભાઈએ બી.એસ.એફ. જવાન વિજયભાઈ ચરપોટની મોટરસાયકલ ઊભી રખાવવા હાથનો ઈશારો કર્યો હતો તે દરમિયાન ફરજ પરના જીઆરડીના સભ્યએ અમારા ગામના છે તેમ જણાવી જવા માટે ઈશારો કરતા વિજયભાઈ ચરપોટ મોટરસાયકલ લઈ ચેકપોસ્ટ પરથી આગળ નીકળી ગયા હતા તે વખતે ફરજ પરના પોલીસ કોન્સ્ટેબલ શૈલેષભાઈ લલ્લુભાઈએ બૂમ પાડી વિજયભાઈ ચરપોટની ઉભા રહેવા જણાવતા વિજયભાઈ ચરપોટે પોતાની મોટરસાયકલ પાછી વાળી ચેકપોસ્ટ પર લાવ્યા હતા અને તમો અમોને ગાળો કેમ બોલ્યા તેમ કહી ફરજ પરના પોલીસ કર્મચારીઓ સાથે ઝઘડો તકરાર કરી હું બીએસએફમાં ગાંધીનગર ચિલોડા ખાતે ડિફેન્સમાં નોકરી કરું છું તમે મને રોકવા વાળા કોણ આમને તો હમણાંજ હું સીધા કરું તેમ કહી બીએસએફ જવાન વિજયભાઈ ચરપોટ તથા તેમની સાથેના માણસે ફરજ પરના પોલીસ કોન્સ્ટેબલ શૈલેષભાઈ લલ્લુભાઈ ને મોઢાના ભાગે થપ્પડ મારી શર્ટના બટન તોડી નાખી તેમજનું ખિસ્સું ફાડી નાખી ગડદાપાટુનો માર માર્યો હતો તથા પોલીસ કોન્સ્ટેબલ કુંવરસિંહ શ્રવણસિંહનું શર્ટ પકડી થપ્પડ મારી તેમજ પોલીસ કોન્સ્ટેબલ ભરતભાઈએ પહેરેલ યુનિફોર્મનો કોલર પકડી ખેંચતાણ કરી શર્ટ ફાડી નાખી તેઓની સરકારી કાયદેસરની ફરજમાં અડચણ ઊભી કરી હતી. જ્યારે સામા પક્ષે કોન્સ્ટેબલ શૈલેષભાઈ લલ્લુભાઈ, કુંવરસિંહ શ્રવણસિંહ તથા ભરતભાઈ માસાજીએ બીએસએફ જવાન વિજયભાઈ ચરપોટને થપ્પડ મારી શરીરે ગઢડા પાટુનો માર મારી તથા માથાના ભાગે લાકડી મારી ઈજાઓ પહોંચાડી હતી. આ મામલે બીએસએફ જવાન વિજયભાઈ લુંજાભાઈ ચરપોટ તથા પોલીસ કર્મચારી શૈલેષભાઈ લલ્લુભાઈ એમ બંને જણાએ ઝાલોદ પોલીસ સ્ટેશનમાં સામસામે ફરિયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષો વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ હાઈવે ઉપર પતંગ લૂંટતો બાળક ટ્રક નીચે આવી જતા બંને પગ કપાઈ ગયા

દાહોદ,
દાહોદ શહેરમાંથી પસાર થતાં દાહોદ ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર એક બાળક મિત્રો સાથે પતંગ પતંગ લુટતો હતો તે સમયે હાઈવે પરથી પસાર થતી એક ફોરવ્હિલર ગાડીની આગળ બાળક આવી જતા બાળકના બંને પગે ફોર વ્હિલર ગાડીના ટાયરો ચઢી જતા બાળકના બંને પગ કપાઈ ગયાનું જાણવા મળે છે.
ગત તા.૧૨.૦૧.૨૦૨૫ ના રોજ સાંજના છ વાગ્યાના આસપાસ દાહોદના નગરાળા ગામે રહેતો આનંદ રમેશ ગણાવા નામનો બાળક દાહોદના ઈન્દોર અમદાવાદ હાઈવે ઉપર પતંગ લૂંટવા માટે તેના મીત્રો સાથે આવ્યો હતો જયારે પતંગ કપાઈને જાય ત્યારે બાળકો હાઈવે ઉપર પતંગ લૂંટવા દોડે છે એકબાજુ નેશનલ હાઈવે ઉપર એકપછી એક ઓવરલોડ ભરેલા વાહનો દોડે છે તો બીજી બાજુ બાળકો પતંગ લૂંટવા માટે સામેથી આવતી ગાડીઓ દેખ્યા વગર પતંગ લૂંટવા દોડે છે તેમાં એક ટ્રક સામેથી આવતા તે પતંગ લૂંટતો બાળક સામેથી આવતી ટ્રક નીચે આવી જતા તેના બન્ને પગ ફચકાય ગયા હતા અને તેના સાથે પતંગ લૂંટતા બાળકો અકસ્માત દેખી ભાગી ગયા હતા જયારે ટ્રક ચાલક પણ ઘટના સ્થળે થી ભાગી છૂટયો હતો અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા આનંદ ગણાવાને ઝાયડસ હોસ્પિટલ લઈ જવાયો હતો પરંતુ તબીબોએ તેને અમદાવાદ ખાતે લઈ જવા જણાવતા પરીવાર જનો અમદાવાદ ખાતે સારવાર અર્થે લઈ ગયા હતા.

# દાહોદની દુધિમતી નદીમાંથી ગુમ થયેલા વૃદ્ધની લાશ મળી આવતા ચકચાર

દાહોદ ,
દાહોદ શહેરના મંડાવાવ રોડ ખાતે રહેતા એક ૭૧ વર્ષીય વ્યક્તિ અઠવાડિયા પહેલા ગુમ થયાના બનાવ બાદ ગતરોજ વૃદ્ધનો મૃતદેહ દાહોદ શહેરમાંથી પસાર થતી દુધીમતી નદીના પટ પરથી મળી આવતા ચાર માંથી જવા પામી છે.
દાહોદના મંડાવાવ રોડ શક્તિનગર સોસાયટી ખાતે રહેતા ૭૧ વર્ષીય રજનીકાંત રસિકલાલ મોઢીયા ગત ૦૮.૦૧.૨૦૨૫ ના રોજ ઘરે કોઈને પણ કહ્યા વગર નીકળી ગયા હતા અને ગુમ થઈ જતા પરિવારના સભ્યોએ ભારે શોધખોળ આદરી હતી પરંતુ ના મળી આવતા તેઓએ એ ડિવિઝન પોલીસ મથક ખાતે જાણવા જોગ આપી હતી અને ત્યારબાદ પણ રજનીકાંત રસિકલાલ મોઢીયા મળી આવ્યા ન હતા જયારે રવિવારના દિવસે દૂધીમતી નદીના પટમાં ચેકડેમની બાજુમાં ત્યાંના સ્થાનિક લોકોને નદીના પટમાં પાણીમાં લાશ તરતી દેખાતા મોટી સંખ્યામાં આસપાસના લોકો ત્યાં ટોળે વળ્યા હતા અને એ ડિવિઝન પોલીસને જાણ કરતા પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને સ્થાનિકોની મદદથી પાણીમાં તરતી લાશને બહાર કાઢવામાં આવી હતી અને તેમના ખિસ્સામાંથી આધાર કાર્ડ મળી આવ્યું હતું જેના આધારે પોલીસે ગુમ થયેલા વૃદ્ધના પરીવાર જનોને જાણ કરતા તેઓ પણ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને પોલીસે લાશનું પંચનામું કરી પીએમ અર્થે ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલી વૃદ્ધના મરવાનું કારણ જાણવા માટેના પ્રયાસ હાથ ધર્યા હતા હવે પીએમ રીપોર્ટમાં પાણીમાં ડુબીને મરવાનું આવે છે કે પછી અન્ય કોઈ કારણોસર વૃદ્ધનું મોત થયું છે તે પીએમ રીપોર્ટ બાદજ ખબર પડશે હાલતો રજનીકાંત રસિકલાલ મોઢીયાના પરિવારમાં શોકની લાગણી પ્રવૃતી ઉઠી છે.

# દાહોદ પોલીસ દ્વારા ૨૦ લાખની ચોરીનો ભેદ ઉકેલ્યો

દાહોદ,
દાહોદમાં રોકડ રૂ. ૨૦ લાખની ચોરીના અનડિટેકટ ગુન્હાને દાહોદ એલ.સી.બી. પોલીસે હ્યુમન સોર્સ અને ટેકનિકલ સોર્સના માધ્યમથી ડિટેકટ કરી રોકડ રૂપિયા કિ.રૂ.૨૦,૦૦,૦૦૦/-ના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડી ૧૦૦ % રિકવર કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.
રોજ દાહોદ એમ.જી.રોડ નંદન જવેલર્સથી કોહીનૂર પાન કોર્નર સુધીની જગ્યાએ કોઈ ચોર ઈસમે રૂ.૨૦,૦૦,૦૦૦/- (વીસ લાખ) રૂપિયા ભરેલ બેગની ચોરી કરી લઈ જતા આ સંબંધે દાહોદ એ. ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખી દાહોદ જિલ્લા પોલીસવાડા દ્વારા આ કેસમાંજરૂર સૂચના તેમજ માર્ગદર્શન આપતા દાહોદ એલસીબી પોલીસે તપાસ નો ધમધમા આરંભ કર્યો હતો જેમાં પોલીસે જુદી-જુદી ટીમો બનાવી તેમજ દાહોદ એમ.જી.રોડ નંદન જવેલર્સથી કોહીનૂર પાન કોર્નર સુધીની જગ્યાએ આવેલ સી.સી.ટી.વી. ફુટેજ તથા હ્યુમન સોર્સના માધ્યમથી તપાસ કરતા કોહીનૂર પાન કોર્નર દુકાનના માલીક નામે સલાઉદીન નસરુદ્દીન મલેક (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ દાહોદ) ની ઉપર શંકા જતા તેની તપાસ તજવીજ કરી હસ્તગત કરી હતી જે પકડાયેલ આરોપીને વિશ્વાસમાં લઈ યુક્તિ પ્રયુક્તિથી ઘનિષ્ઠ પૂછપરછ કરતા ગઈ તા.૧૧/૦૧/૨૦૨૫ ના રોજ પોતાની કોહીનૂર પાન કોર્નર દુકાન ઉપર હાજર હતો અને સાંજના સમયમા તેની દુકાનની બાજુમાં આવેલ દુકાનની શટલ પાસેથી એક થેલીમા કાંઈક ભરેલ જણાયેલ તે થેલી પોતે કોહીનૂર પાન કોર્નરવાળી દુકાનમાં મુકી દીધેલ અને રાત્રીના થેલી પોતાના ઘરે લઈ ગયેલ અને તેમા જોતા રૂપિયા ભરેલ હોય જેથી તે થેલી પોતાના ઘરમા તીજોરીમાં મુકી દીધેલાની કબુલાત કરી હતી જે રોકડ રૂપિયા ભરેલ બેગ હોવા છતા પોલીસમા કે જે જગ્યાએથી મળી આવેલ તે જગ્યાએ જાણ નહી કરી ઈરાદાપૂર્વક પોતાની પાસે રાખેલ હોય જે પોતાના સબંધી મારફતે મંગાવી રજુ કરેલ જે જોતા ભારતીય રીઝર્વ બેન્કની ૫૦૦ ના દરની ચલણી નોટો નંગ-૪૦૦૦ ના રૂ.૨૦,૦૦,૦૦૦/-(વીસ લાખ) પંચનામાં વિગતે સીલ કરી કબ્જે લઈ દાહોદ ટાઉન એ. ડિવિઝન પોલીસે ચોરીમાં ગયેલ પૂરેપૂરા નાણાં ૨૦ લાખ ઉપરોકત આરોપી પાસેથી રિકવર કરી આ સંબંધે દાહોદ એલસીબી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં ઉત્તરાયણના પર્વને ધામધુમ અને હર્ષોલ્લાસથી દાહોદવાસીઓએ ઉજવ્યો



દાહોદ
ઉતરાયણ પર્વની દાહોદ શહેર સહિત જિલ્લાવાસિયોએ ધામધૂમથી તેમજ હર્ષા ઉલ્લાસ સાથે ઉજવણી કરી હતી. વહેલી સવારથીજ પતંગ રસિયાઓ પોતપોતાના ધાબા ઉપર ચઢી પતંગબાજી નો આણંદ માણયો હતો ત્યારે બીજી તરફ ઉતરાયણના દિવસે પવન સારો હોવાથી પતંગ રશિયાઓ ગેલમાં આવી ગયા હતા.
દાહોદ શહેર સહિત જિલ્લામાં વહેલી સવારથીજ પતંગ રશિયાઓ પોતપોતાના ધાબા ઉપર ચઢી પતંગબાજીનો ભારે આનંદ માણયો હતો. એ કાપ્યો છે.. એ કાપ્યો છે.. ના ગગન ભેગી નાગથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠયું હતું. તલની સાથે સાથે દાહોદની સ્વાદ પ્રિય જનતાએ જલેબી ફાફડા ની પણ મિજબાની હતી. પતંગ રશિયાઓએ પોતપોતાના ગરબા ડીજે સિસ્ટમ લગાડી દઈ પતંગ બાજી નો આખો દિવસ આનંદ માણયો હતો. બાળકોથી લઈ ગયો વૃદ્ધ તેમજ મહિલાઓ પણ પતંગબાજીમાં જોવા મળ્યા હતા. આખો દિવસ પતંગબાજી નો આનંદ માણીયા બાદ સાંજના સમય બાદ લોકોએ ફટાકડા ફોડી તેમજ આતસબાજી કરી ઉતરાયણ પર્વની ભવ્ય ઉજવણી કરી હતી. તો બીજી તરફ કહી શકીએ કે છેલ્લા બે ત્રણ વર્ષથી દાહોદ શહેર સહિત જિલ્લામાં આજના આધુનિક યુગમાં ઉતરાયણ પર્વનો તહેવાર ફીકો પડી રહ્યો છે લોકોને પહેલા જેવો હવે ઉત્તરાયણ પર્વમાં રસ રહ્યો નથી. દાહોદની જનતા હવે ઉતરાયણ જેવા પર્વ મનાવવા માટે અન્ય મોટા શહેરોમાં જતા હોવાનું કહેવાય રહ્યું છે જેને પગલે દાહોદમાં નાના મોટા તહેવારોમાં હવે પહેલા જેવો માહોલ જોવા મળતો નથી. મિત્ર મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પતંગના દોરાથી ઘવાયેલા પક્ષીઓને બચાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં ઉતરાયણ પર્વના દિવસે એક પક્ષી પતંગની દોરીથી ઘાયલ થતા તેની સારવાર કરવામાં આવી હતી ત્યારે ઉતરાણ પર્વના બીજા દિવસે એટલે કે ૧૫મી જાન્યુઆરીના રોજ એક સમડી પતંગના દોરાથી ઘાયલ થતાં તેવી પણ બીજા દિવસે સારવાર કરવામાં આવી હતી.

# દે.બારીઆના સાગટાળાના જંગલ વિસ્તારમાંથી ૫ લાખ ઉપરાંતનો દારૂ ઝડપી પાડ્યો

દાહોદ,
દાહોદ જિલ્લાના દે. બારીઆની સાગટાળા પોલીસે પાંચીયાસાળ જંગલ વિસ્તારમાંથી એક બોલેરો ફોર વ્હીલર ગાડીમાંથી હેરાફેરી વિદેશી દારૂ કિમત રૂ.૫,૮૨,૮૭૦/-નો પ્રોહી મુદ્દામાલ તથા આરોપીના કબજાની બોલેરો ગાડીની કિમત મળી પોલીસે કુલ રૂપિયા ૭,૮૨,૮૭૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યાનું જ્યારે ગાડીનો ચાલક પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાનું જાણવા મળે છે.
દાહોદ જિલ્લામાં પ્રોહિની પ્રવૃત્તિઓ અટકાવવા માટે, જુગારની પ્રવૃત્તિઓ અટકાવવા માટે, નાસ્તા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે તેમજ અસામાજિક તત્વોને ઝડપી પાડવા માટે દાહોદ જિલ્લા પોલીસવાડાની સૂચના તેમજ માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે ત્યારે દેવગઢ બારીયા ની પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ પાંચીયાશાળ ગામે જંગલ વિસ્તારમાં પોલીસે ઓચિંતો છાપો મારતા સ્થળ પર એક બોલેરો ફોરવીલર ગાડી નો ચાલક પોલીસને ચકમો આપી નાસી ગયો હતો. ત્યારે પોલીસે બોલેરો ફોરવીલર ગાડી ની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ.૪૧૩૦ જેની કિંમત રૂપિયા ૫,૮૨,૮૭૦/- ના પ્રોહી જથ્થા સાથે ફોરવીલર ગાડી ની કિંમત મળી પોલીસે કુલ રૂપિયા ૭,૮૨,૮૭૦/-નો મુદામાલ જે કરી આ સંબંધે પોલીસે પ્રોહીબીશનનો ગુનો આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરાના વ્યક્તિ નું પતંગ દોરા થી ગળું કાપતા ૧૦૮ એમ્બ્યુલન્સ મદદે આવી ને જીવ બચાવ્યો


ફતેપુરા,
ફતેપુરા તાલુકાના નાના સરનૈયા ગામમાં નિવાસી અને બટકવાડા રસ્તા પર બાઈક પર જતા બે વ્યકિત પૈકી આગળ ના માણસ ને પતંગ ની દોરી આવવાંથી બાઈક ચાલક ને ઈજાઓ થવાથી પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવા માટે ફોન કરતા જ ૧૦૮ ઈમરજન્સીવાન તાબડતોડ અકસ્માત ની ઘટના સ્થળે પહોચ્યા અને ૧૦૮ ના ઈમર્જન્સી મેડિકલ ટેકનીશીયન કલ્પેશભાઈ મછાર અને દિલીપસિંગ ચૌહાણ દર્દી ને તપાસતા ગળા ના ભાગે ગંભીર ગંભીર ઈજા થતાં જ સારવાર ચાલુ કરતાં હોસ્પિટલ જવા રવાના થયા. અને ૧૦૮ એમ્બ્યુલન્સ માં સારવાર ચાલુ કરી. ઈઆરસીપી ફિઝિશિયન ડોક્ટર લિપિ મેડમ ના માર્ગદર્શનથી એમ્બ્યુલન્સમાં ઈમર્જન્સી મેડિકલ ટેકનીશીય કલ્પેશભાઈ મછાર અને દિલીપસિંહ ચૌહાણ ની સૂઝબૂઝ થી ખૂબ જ કાળજીપૂર્વક સારવાર આપી હતી. અને સારવાર આપતા આપતા નજીક સરકારી હોસ્પિટલમાં.સંતરામપુર સરકારી દવાખાના સુધી લઈ ગયા હતા. અને સંતરામપુર સરકારી દવાખાનાના ડોક્ટર મોનિકા મેડમ ને બધી પતંગ ની દોરી થી વાગેલ જણાવી અને દર્દી ના સગા શંકરભાઈ ડામોર ને અને દર્દી ને દાખલ કરીને ત્યાંથી ૧૦૮ ઈમરજન્સી વાન પોતાના મેડિકલ ટેકનિશિયન અને પાયલોટ સાથે ત્યાંથી રવાના થઈ હતી. આમ ૧૦૮ ઈમર્જન્સીવાનના ઈમર્જન્સી મેડિકલ ટેકિનશિયન અને પાયલોટ સ્ટાફે પોતાની આવડત અને અનુભવના સહારે માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું અને સાચા અર્થ માં દેવ દૂત સાબિત થાય હતી.

# ઝાલોદમાં ઉત્તરાયણનો પર્વ ભારે પડ્યો : માર્ગ અકસ્માતમાં છ લોકોના મોત



દાહોદ
ઝાલોદ તાલુકામાં મકરસંક્રાંતિની પૂર્વ સંધ્યાએ બે જુદી જુદી જગ્યાએ સર્જાયેલા ગમખવાર માર્ગ અકસ્માતમાં છ લોકોના મોત નીપજયા હોવાનું સામે આવ્યું છે. તહેવારના દિવસે સર્જાયેલી કરૂણાંતીકામાં મરણ પામેલા લોકોના સ્વજનોમાં ભારે ગમગીની છવાઈ છે. જેનાં પગલે સ્વજનોના રોક્કળથી ભારે હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા છે.
દાહોદ જિલ્લામાં હાલ માર્ગ સલામતી માસની ઉજવણી થઈ રહી છે. ત્યારે ઝાલોદ તાલુકામાં સર્જાયેલા માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ ઝાલોદ તાલુકાના વેલપુરા ગામે બનવા પામ્યો છે. જેમાં બે બાઈકો સામસામે અથડાતા વેલપુરા ગામના ગુલાબભાઈ બાબુભાઈ બામણીયા, તુષાર દિલીપભાઈ ડામોર તેમજ જીગ્નેશભાઈ દલસિંગભાઈ બારીયા બાજરવાડા તથા કલ્પેશભાઈ મહિડા રહેવાસી ઠક્કરબાપા ઝાલોદનું ઘટના સ્થળે કમકમાટી ભર્યો મોત નીપજતા ચારેય યુવકોના પરિવારજનોમાં તહેવારના દિવસે મારે ગમગીની છવાઈ જવા પામી છે.જયારે માર્ગ અકસ્માત નો બીજો બનાવ રાજસ્થાન ગુજરાતને જોડતી ધાવડીયા ચેકપોસ્ટ નજીક બનવા પામ્યો છે જેમાં કેતનભાઈ જેસીંગભાઈ બારીયા રહેવાસી કૃષ્ણકુન સોસાયટી ગોદીરોડ તેમની પત્ની તેમજ બાળક જોડે કોળીવડ સાસરીમાં ઉતરાયણનું પર્વ બનાવવા આવ્યા હતાજયાં કેતનભાઈ જેસીંગભાઈ, તેમના સસરા અતુલ દિલીપ ગરાસીયા તેમજ તેમનો સાળો સતીશ અતુલ ગરાસીયા ઉપરોકત ત્રણેય વ્યક્તિઓ બાઈક પર ઝાલોદ કોઈ કામ અર્થે આવ્યા હતા. જયાંથી પરત જતા સમયે રસ્તામાં આરટીઓ ચેકપોસ્ટ નજીક GJ-૨૦-અચ-૭૧૫૫ નંબરની યયભજ્ઞ ગાડીએ કેતનભાઈની બર્ગમેન ગાડીને ટક્કર મારતા સર્જાયેલી કરુણાતીકામાં ઉપરોક્ત ત્રણેય ઈસમોને ગંભીર ઈજાઓ પહોંચતા કેતનભાઈ જયસિંગભાઈ બારીયાને સારવાર અર્થે દાહોદ રીફર કરતા તેઓનું ઝાયડસ હોસ્પિટલમાં સારવાર મળે તે પહેલા મોત થયું હતું. જયારે કેતનભાઈના સાળા સતીશ અતુલ ગરાસિયાનું ઘટના સ્થળે મોત થયું હતું. જયારે કેતનભાઈના સસરા અતુલભાઈ ગરાસીયા ને નજીકના દવાખાને સારવારથી ખસેડવામાં આવ્યું છે. હાલ બંને મરણ જનારને પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જયારે બનાવ બાદ ઈકો ગાડીનો ચાલક ફરાર થઈ જવા પામ્યો છે. ઉપરોક્ત બંને બનાવોમાં ઝાલોદ પોલીસે માર્ગ અકસ્માત અંગેનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.
આમ પોલીસ અને આરટીઓ ના સંયુક્ત ક્રમે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી વચ્ચે ઉતરાયણ જેવા તહેવારના દિવસે ઝાલોદ પંથકમાં બે જુદી જુદી જગ્યાએ સર્જાયેલા માર્ગ અકસ્માતમાં છ લોકોના મોત થતા જે તે પરિવારજનોમાં તહેવારના દિવસે માતમ છવાઈ છે એટલું જ નહીં પોતાના વાહલસોયા સ્વજનોને ગુમાવનાર પરિવારજનોના હૈયાફાટ રુદનથી ભારે ગમગીની છવાઈ જવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.124



# પંચમહાલ જિલ્લામાં ઉત્તરાયણનો પર્વ દાન-પુણ્ય અને એ...લપેટની બુમોથી ઉજવાયો

શહેરા,

પંચમહાલ જિલ્લામાં ઉત્તરાયણ પર્વની ઉજવણી દાન-પુણ્ય ના સથવારે કરાઇ હતી એ...લપેટ ની બૂમો થી વાતાવરણ ગુંજી ઉઠયું હતુ મહિલાઓએ ગૌમાતાઓને ઘુઘરી તેમજ ઘાસ ખવડાવી પુણ્ય મેળવ્યુ હતુ. રંગબેરંગી પંતગોથી આકાશ છવાઇ ગયુ હતુ.

જિલ્લામાં ઉત્તરાયણ પર્વની ધામધુમથી ઉજવણી કરવામા આવી હતી વહેલી સવાર થી પતંગરસીકો અગાશી પર પતંગ ચગાવી આનંદ માણયો હતો.અને સાથે મહીલાઓએ પણ વહેલી સવારે ગાયને ઘુઘરી -ઘાસ ખવડાવીને પુણ્ય મેળવ્યુ હતું, ઉતરાયણના દિવસે અને વાસી ઉતરાયણના દિવસે પણ પવન સારો હોવાને કારણે પતંગ રસિકો ગેલમા આવી ગયા હતા.આકાશ સવારથી પતંગોથી છવાઇ ગયુ હતુ.કાયપો છે..... એ ....લપેટના નારા પણ લાગ્યા હતા.ધાબા પર તલ ચીક્કી, શેરડી ,જામફળ,ઉધીયાની પણ જયાફત ની મજા પણ લોકો એ માણી હતી.કોઇ અનિચ્છનીય બનાવ ના બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.પ્રજારક્ષક ગણાતા પોલીસ જવાનો ને પણ ઉત્તરાયણ કરવાની ઈચ્છા થતી હોય છે પણ તેમને ઉત્તરાયણના પર્વે પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ફરજ નિભાવી હતી.ઉત્તરાયણની મજા પક્ષીઓ માટે સજા બની હોય તેમ જીલ્લામા પતંગના દોરાથી કબુતર સહિતના અન્ય પક્ષીઓ પણ ઘાયલ થયા હતા. પશુડોકટરની ટીમ અને ટ્રસ્ટ દ્વારા ઘાયલ પક્ષીઓ ને સારવાર આપવામા આવી હતી. આ પર્વના દિવસ દરમિયાન ૫ કરતા વધુ પક્ષીઓ પતંગ દોરાથી ઘાયલ થયા હતા.



પંચમહાલ જિલ્લામાં ઉતરાયણ પર્વ તેમજ અગાઉના મળીને કુલ ૨૪ જેટલા પશુઓને સારવાર આપવામાં આવી હતી.સમગ્ર પંચમહાલવાસીઓએ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉતરાયણ પર્વની ઉજવણી કરી હતી, ત્યારે ઉતરાયણ પર્વ દરમ્યાન તેમજ તે અગાઉ દોરીને કારણે અનેક નાનામોટા પક્ષીઓ તથા પશુઓને ઈજાઓ પહોંચી હતી, પંચમહાલ જિલ્લામાં ઉતરાયણ પર્વ દરમ્યાન ૧૭ જેટલા પશુઓને ઈજાઓ પહોંચી હતી, જેમાં ૧૪ કબૂતર, ૧ વાનર, ૧ વાછરડું અને ૧ બ્લેક આઈબિસ દોરીને કારણે ઘવાયું હતું, તમામ અબોલ જીવોને પશું દવાખાના ખાતે સારવાર આપીને ઉગારી લેવામાં આવ્યા હતા, જ્યારે ઉતરાયણ અગાઉ ૭ જેટલા પક્ષીઓને સારવાર આપીને બચાવી લેવામાં આવ્યા હતા, આમ કરૂણા અભિયાન અંતર્ગત અનેક નાનામોટા અબોલ જીવોને નવજીવન આપવામાં આવ્યું હતું, આ અંગેની માહિતી તા ૧૫ જાન્યુઆરીના રોજ પ્રાપ્ત થઈ હતી.

## પંચમહાલ જિલ્લામાં ઉત્તરાયણના પર્વએ છ લોકોને દોરીથી કપાતા ઈજાઓ : પાંચ વર્ષના માસુમ બાળકનુ મોત





પંચમહાલ જિલ્લાના હાલોલમાં પતંગ દોરીએ લીધો ૫ વર્ષના માસુમ નો જીવ જયારે ગોધરા શહેરમાં પતંગ દોરીથી ઈજાના પાંચ કેસો નોંધાયા

હાલોલ ના પનોરમાં ચોકડી પાસે કાતિલ પતંગ દોરીથી ગળાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ૫ વર્ષના માસુમ નું કમકમાટી ભર્યુ મોત નિપજ્યું ૫ વર્ષ નાં બાળક કુણાલ ને તેના પિતા બાઈક ઊપર બેસાડી ફુગ્ગા અપાવવા માટે જઈ રહ્યા હતા દરમિયાન અચાનક પતંગ દોરી ગળાના ભાગે વાગવાથી ગંભીર ઈજા પહોંચી હતી ઈજાગ્રસ્તને હાલોલ ખાતે ની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો જ્યાં ટુંકી સારવાર દરમીયાન માસુમ નુ મોત થયું હતુ.આ તરફ કાલોલ એસ ટી બસ સ્ટેન્ડ પાસે બાઈક પર સવાર આયુષ પરમાર નામનાં યુવકનાં ગળા ના ભાગે પતંગ દોરી થી ઈજા પહોચી જ્યારે ગોધરા શહેર માં અન્ય ૪ અલગ અલગ પતંગ દોરી થી ઈજા ની ઘટના બનવા પામી ૩ વર્ષનાં સિવાન નામના બાળક ને ગળા ના ભાગે સામાન્ય ઈજા પહોચી દાહોદ રોડ નજીક રાજદીપ ધિરેન્દ્રસિહ નામના યુવક ને પતંગ દોરી થી કાન ના ભાગે ઈજા જયારે દંતાણી વાસ વિસ્તારમાં મોહિત દંતાણી નામનાં ઈસમને આંગળી ભાગે પતંગ દોરી વાગતા ઈજા થવા પામી હતી ટીંબા ગામ પાસે પતંગ દોરી ચગાવતા ધાબા ની સીડી ઉપર થી પડી જવાના કારણે યુવકને માથાના ભાગે ઈજા પહોંચી હતી ઈજાગ્રસ્ત તમામ લોકોને ૧૦૮ મારફતે સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં.

## ગોધરાના બામરોલી રોડ અરિહંતનગર અને આશ્રયવિલા સોસાયટીમાં ફોર વ્હિલમાં માસ્ક બાંધી તસ્કરોનો તરખાટ : તસ્કરો સી.સી.ટી.વી.માં કેદ થયા



ગોધરા,

ગોધરાના બામરોલી રોડ ઉપર આવેલ અરિહંત નગર અને આશ્રયવિલા સોસાયટીમાં ફોર વ્હિલ ગાડીમાં પાંચ તસ્કરો આવી મકાનોમાં પ્રવેશ કરી લાખોની મત્તા ચોરી કરી નાસી છુટ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા શહેરના બામરોલી રોડ ઉપર આવેલ અરિહંતનગર (દ્વારકાનગર)પાછળ ફોર વ્હિલ ગાડીમાં તસ્કરો માસ્ક પહેરીને આવી મકાનના કમ્પાઉન્ડમાં પ્રવેશ કરી લાખોની મત્તાની ચોરી કરી હતી. ત્યારબાદ ફોર વ્હિલમાં આવેલ તસ્કરો ગદુકપુર સ્થિત આશ્રયવિલા સોસાયટીમાં ગયા હતા. તસ્કરોએ કમ્પાઉન્ડ વોલ કુદીને મકાનમાં પ્રવેશ કર્યો હતો. અને ચોરીને અંજામ આપ્યો હતો. બામરોલી રોડ ઉપર એક જ રાત્રિએ ફોર વ્હિલમાં ત્રાટકેલ તસ્કરોએ સોસાયટીમાંથી ચોરી કરેલ હોય જેને લઈ બામરોલી રોડ વિસ્તારના રહિશોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. બામરોલી રોડ વિસ્તારની બે સોસાયટીમાં ફોર વ્હિલ લઈને માસ્ક પહેરીને ત્રાટકેલ તસ્કરો સીસીટીવીમાં કેદ થયા છે ત્યારે પોલીસ દ્વારા રાત્રિના સમયે પેટ્રોલિંગ વધારવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## શહેરાના નાડા-બોરીયાવી રોડ ઉપર છોટાહાથી પલ્ટી જતાં પાંચને ઈજાઓ



શહેરા,

શહેરા તાલુકાના નાડા-બોરીયાવી રોડ ઉપર છોટા હાથી ગાડી પલ્ટી ખાતા પાંચ કરતાં વધુ લોકોને નાની મોટી ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તો તમામને સારવાર અર્થે રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા.

શહેરા તાલુકાના બોરીયાવી ગામ પાસે પસાર થતા રસ્તા પર પુરઝડપે પસાર થતી બાઈકને બચાવવા જતાં છોટા હાથી ગાડીના ચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. આ બનેલા માર્ગ અકસ્માતમાં છોટા હાથીમાં સવાર ત્રણ મહિલા સહિત પાંચ કરતાં વધુ જેટલા વ્યક્તિઓને ઈજાઓ થતાં તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સૌપ્રથમ શહેરા રેફરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા,જ્યાંથી વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા,જોકે છોટા હાથીમાં સવાર વ્યક્તિઓ બોરીયાવી સ્વામિનારાયણ મંદિરે દાણનું દાન આપી પરત ઘરે જઈ રહ્યા હતા તે સમયે બાઈક ચાલકને બચાવવા જતાં અકસ્માતની ઘટના બની હતી.

## ઘોઘંબા તાલુકાના વેલકોતર ગામે પતિ-પત્નિના ઝઘડામાં પાડોશીએ હુમલો કરતા ઈજાગ્રસ્ત પતિના મોતને લઈ ભરેલા અગ્નિ જેવી સ્થિતિ : પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના વેલકોતર ગામે પતિ-પત્નિ વચ્ચે ખાવા બનાવવા જેવી બાબતમાં ઝઘડો થયો હતો. પતિ તેની પત્નિને ગાળો બોલતા હોય જેથી સામે રહેતા પાડોશી ઘરે આવીને ગાળો બોલવાની ના પાડી હતી. પાડોશી સાથે થયેલ મારામારીમાં પતિને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે વડોદરા ખસેડતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ. મૃતકના મૃતદેહને ગામમાં લવાતા ગામમાં ભરેલા અગ્નિ જેવી સ્થિતિને લઈ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઘોઘંબા તાલુકાના વેલકોતર ગામે મંદિર ફળિયામાં રહેતા અને હાલોલ ફેક્ટરીમાં કામ કરતા શૈલેષભાઈ સોમાભાઈ ડામોર બે સંતાનો સાથે હાલોલ રહેતા હતા. અને ૫ જાન્યુઆરીના રોજ વેલકોતર પોતાના ગામે આવેલ હતા. અને ઘરમમાં આવતા સાંજે જમવાનુ બનાવવા બાબતે પોતાની પત્નિ સાથે ઝઘડો થયો હતો. બંને વચ્ચે ખુબ બોલાચાલી થતાં સામે પાડોશમાં રહેતા લક્ષ્મણભાઈએ ગાળો ન બોલો તેમ કહીને વચ્ચે પડ્યા હતા ત્યારે લક્ષ્મણભાઈને જાતિવાચક શબ્દો બોલતા બંને વચ્ચે મારામારી થઈ હતી. જેમાં લક્ષ્મણભાઈના પુત્રો પણ હાથમાં લાકડું અને ડોલ લઈને આવીને શૈલેષભાઈને પકડીને માથાના ભાગે માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેથી તાત્કાલિક સારવાર માટે ઘોઘંબા રેફરલમાં ખસેડ્યા બાદ સારવાર માટે ગોધરા સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે વડોદરા એસએસજીમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન રવિવારના રોજ મોત થઈ જતાં શૈલેષભાઈનો મૃતદેહ વેલકોતર ગામે લાવવામાં આવતા હાહાકાર મચી જવા પામ્યો હતો. અને લોકટોળા એકત્ર થઈ જતાં ભરેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી. જેથી રાજગઢ પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. મૃતક શૈલેષભાઈના પરિવારજનો દ્વારા લક્ષ્મણભાઈ સામે રાજગઢ પોલીસ મથકે એટ્રોસિટી તેમજ હત્યાનો ગુનો નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરવા(હ)ના ડાંગરીયા ગામે રોડ ઉપર એસ.ટી.બસના ચાલકે બાઈકને અડફેટમાં લેતા બાઈક ચાલકનુ મોત

મોરવા(હ),

મોરવા(હ)તાલુકાના ડાંગરીયા કોલીચારી નજીકમાં રોડ ઉપર એસ.ટી.બસના ચાલકે પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને અડફેટમાં લઈ ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મોત નીપજાવી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરવા(હ)તાલુકાના ડાંગરીયા કોલીચારી નજીકમાં રોડ ઉપરથી બાઈક નં.જીજે-૧૮-ઝેડ-૭૧૭૪ લઈને ચાલક દલપતસિંહ અમરસિંહ પટેલ(ઉ.વ.૩૪, રહે.માતરીયા વાડી, તા.મોરવા(હ)ડાંગરીયાથી સંતરોડ તરફ આવી રહ્યા હતા તે વખતે એસ.ટી.બસ નં.જીજે-૧૮-બીક્યુ-૮૫૯૭ના ચાલકે સંતરોડથી ડાંગરીયા તરફ પોતાનુ વાહન પુરઝડપે રોંગ સાઈડે હંકારી લાવી અને બાઈક ચાલકને ટકકર મારતા માથાના ભાગે તથા શરીરે ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મોત નીપજાવી ગુનો કર્યાની ફરિયાદ મોરવા(હ)પોલીસ મથકે નોંધાવવા પામી છે.

## શહેરાથી ઉંજડા જતા રસ્તા પર ગ્રેનાઈટ પથ્થર ભરેલી એક ગાડીને ખાણ ખનીજ વિભાગ દ્વારા ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી



શહેરા,

શહેરા થી ઊંજડા ગામ તરફ જવાના રસ્તા ઉપર પોલીસ અને મામલતદાર સહિતના તંત્ર દ્વારા ગ્રેનાઇટ પથ્થર ભરેલી ગાડી રોકીને જરૂરી તપાસ હાથ ધરી હતી. જ્યારે તાલુકા મથક ખાતે આવેલી વન વિભાગની કચેરીની બહાર પાંચ જેટલી ગ્રેનાઇટ પથ્થર ભરેલી ગાડીઓ ઉભી રહેલ જોવા મળવા સાથે સ્થાનિક તંત્ર દ્વારા આ બાબતની જાણ જિલ્લા ખાણ ખનીજ વિભાગ ને કરાઈ હતી. જોકે ખનીજ વિભાગ દ્વારા ગ્રેનાઇટ પથ્થર ભરેલી પાંચ ગાડીઓને ગોધરા ખાતે લઈ જઈને વજન કાંટો કરાવીને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે જિલ્લા ખાણ ખનીજ વિભાગ અધિકારી નીરજ ગામીતના જણાવ્યા અનુસાર ગ્રેનાઇટ પથ્થર ભરેલી પાંચમાંથી એક ગાડી ઓવરલોડ હોવાથી અમારા દ્વારા એક ગાડી સામે કાર્યવાહી કરવામાં આવી અને ચાર ગ્રેનાઇટ પથ્થર ભરેલી ગાડીઓ નિયમ મુજબ હોવાથી છોડી મૂકવામાં આવી હતી, ઉલ્લેખનીય છે કે મામલતદાર અને પોલીસ તંત્ર દ્વારા જે રીતે ગ્રેનાઇટ પથ્થર ભરેલી ગાડીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી હોય ત્યારે બસ સ્ટેશન પાસેથી દિવસ દરમિયાન ગેરકાયદે સફેદ પથ્થર અને રેતી ભરીને ઓવરલોડ ટ્રેક્ટર અને ટ્રકો નીકળતી હોય ત્યારે આ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવે તો ખનીજ ચોરી થતી અટકી શકે અને તંત્રનો ડર પણ ખનીજ ચોરોને જોવા મળે તો નવાઈ નહી, તાલુકા પંથકમાં નદી, કોતર માંથી રેતી અને જમીનમાંથી સફેદ પથ્થરો કાઢીને ખનીજ ચોરી મોટા પાયે થતી હોવાની અનેક બુમો ઉઠી રહી હોય ત્યારે પ્રાંત અધિકારી, મામલતદાર સહિતના સબંધિત તંત્ર આ બાબતે પણ પોતાની નૈતિક ફરજ સમજીને કડક કાર્યવાહી કરે તો સરકારી તિજોરીને નુકશાન જતું અટકી શકે તેમ છે.

## કાલોલ તાલુકાની બોરીયાઈ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ ખેલમહાકુંભની તમામ રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું

કાલોલ,

ગુજરાતસરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ની રાજય સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર દ્વારા કાલોલ તાલુકા કક્ષાનો કલામહાકુંભ તાલુકાના અડાદરા ખાતે આવેલ એમ.આર. હાઇસ્કુલ ખાતે યોજાયો હતા. જેમાં રીફાઇ પબ્લિક શાળાના વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો જેમાં(૧) બેલીમ આહિલખાન ૩૦ મીટર દોડ.૧ સ્થાન (૨)બેલીમ સિફા ઊભા રહીને કૂદકો ૧ સ્થાન.(૩).શેખ તનવીર દોડ ૪૦૦ મીટર ૧ સ્થાન(૪).પઠાણ નફીસ ૪૦૦ મીટર.૧ સ્થાન.(૫).તનવીર મલેક ૮૦૦ મીટર.૧ સ્થાન સ્થાન.(૬) કામરાન ૧૦૦ મીટર ૧ સ્થાન (૭)શેખ ફરઝાન શોર્ટકટ ૧ સ્થાન (૮).બેલીમ અફઝલ શોર્ટકટ બીજુ સ્થાન (૧૦) વણકર મયુર ૧૦૦ મીટર બીજું (૧૧)રોડ જાગૃતિ.લાંબી કૂદ.૧૦૦ મીટર બીજું સ્થાન (૧૨) બેલીમ અરમાનુ ૮૦૦ મીટર બીજું સ્થાન(૧૩)જમ્પ માં પઠાણ સલમાન બીજા સ્થાને (૧૪)શેખ ફરઝાના ડિસ્કસ થ્રો બીજું સ્થાન (૧૫)પઠાણ નફીસ જેવલિન થ્રો બીજું સ્થાન સ્થાન.(૧૬) મલેક જીશાન થ્રો ત્રીજા સ્થાનની ચર્ચા કરો.(૧૭) જમ્પથી અલ્તાફ ને હરાવો.ત્રીજું સ્થાન.(૧૮) બારોટ ઠીક છે.૪૦૦ મીટર ત્રીજું સ્થાન (૧૯).અરફાન શોર્ટકટ ત્રીજું સ્થાન.(૨૦) રાઠોડ જેવલિન થ્રો ત્રીજું સ્થાન (૨૧) શેખ આકાશ ૫૦ મીટર દોડમાં ત્રીજું સ્થાન મેળવ્યું હતું. આમ કાલોલ તાલુકાની બોરુ રીફાઇ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓની સિદ્ધિઓ અને કોચ કિરણ સોલંકી ની મહેનત પ્રતિબધ્ધતા દર્શાવતા બોરુ રીફાઇ પબ્લિક સ્કૂલના ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શાળા સંચાલક તથા સમગ્ર શાળા સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.



હૈદરાબાદ ખાતે ઓલ ઈન્ડિયા હાફિઝ-એ -કુરાન સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું અને હાફિઝ-એ-કુરાનનો અરબીમાં ખૂબ જ સુંદર અર્થ થાય છે. હાફિઝ એ અરબી શબ્દ હિફઝ પરથી લેવામાં આવ્યો છે જેનો અર્થ કોઈપણ વસ્તુને યાદ કરવું એવો થાય છે. જેના પરથી હાફિઝા એવો સ્ત્રીલિંગ શબ્દ બને છે. અર્થાત ખૂબ જ મહેનત અને પરિશ્રમથી સંપૂર્ણ કૂરાન ને પાક યાદ કરવાની સ્પર્ધાનું આયોજન હૈદરાબાદ ખાતે થયું હતું.જેમાં પંચમહાલ જિલ્લાના કાલોલ શહેરની બે મુસ્લિમ દીકરીઓ હાફિઝા ઈલ્મા આશીફ મન્સૂરી તથા હાફિઝા ઝૈનબ આશીફ મન્સૂરીએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ બહેતરીન પ્રદર્શન કર્યું હતું.